સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

લાયકાતની નહીં, આ કરોડોની રમત છે,
સત્તાનો મોહ, ને મોટા સમાજની મમત છે.
ગમત છે લોકશાહીની, જ્ઞાતિ-ધર્મના ખેતમાં -
દારૂ-નિરક્ષરતા મતદારની કમત છે
(ખેલે ભારત - ચૂંટણી ખેલ)

હાઈકુ

સંહિતા છડી
નચાવે છે માંકડાં,
ચૂંટણી પંચ...

ઉડી જાય છે
હવે શાણાં પંખીડાં
જાળ લઈને...

ચિંતન

હિતપરિમિત ભોજી નિત્યમેકાન્તસેવી સકૃદુપચિતહિતોક્તિઃ સ્વલ્પનિદ્રાવિહારઃ ।
અનુનિયમનશીલો યો ભજત્યુક્તકાલે સલભત ઈહ શીઘ્રં સાદુ ચિત્તપ્રસાદમ્ ॥

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ ચે.

જે સાધક હિતકારક અને પ્રમાણસર ભોજન કરે, નિત્ય એકાંત સેવે, એક જ વાર યોગ્ય હિત વચન બોલે, અતિ અલ્પ નિદ્રા અને વિહાર કરે, દરેક નિયમો બરાબર પાળે અને જે કાળે જે કરવાનું કહ્યું છે તે બરાબર કરે, તે આ લોકમાં જલદી ઉત્તમ પ્રકારની ચિત્તની પ્રસન્નતાને પામે છે.

ચિત્તની પ્રસન્નતા એ જ સુખ-શાંતિ છે એ કોઈ મહાત્માના મંત્ર કે જાદુઈ લાકડીથી આવતી નથી - આપણા નિયમિત આચરણથી જ આવે છે.

સિમિત-ભોજન, એકાંત - બોલવા - ચાલવામાં વિચારપૂર્વકનો સંયમ ઓછી ઊંઘ અને સંયમિત આચરણ દ્વારા જ સાચી તંદરસ્તી મળે છે એ જ સુખ શાંતિ છે.

સુવિચાર

- જયાં બીજાની આશા નથી ત્યાં સ્વરાજ છે - **મૈથિલીશરણ ગુપ્ત**
- અહંકારને મમતા વગરના હોય, તેમને તો જેમ કુદરત રાખે તેમ રહે, તેમાં પોતપણું ના હોય - **ડો. નીરુબહેન અમીન**
- આત્માનો ધર્મ શો છે ? બધા ધર્મને જાણે તે, મન-બુદ્ધિ-ચિત્ત-દેહ આ બધા શું કરી રહ્યાં છે તેને જાણ્યા કરે તેનું નામ 'આત્મા' - **આમસૂત્ર**
- આળસ એ ઈશ્વરે આપેલા હાથપગનું અપમાન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈચ્છાથી જ દુઃખ આવે છે, ઈચ્છાથી જ ભય આવે છે, જે ઈચ્છાઓથી મુક્ત છે તેને ન તો દુઃખ કે ન તો ભય સતાવે છે - **ગૌતમ બુદ્ધ**
- જે પ્રકાશમાં અદૃશ્ય રહે છે, અને જેનો અંધકારમાં જ અનુભવ થાય છે તેને મેળવવો એ જ મારી એકમાત્ર આકાંક્ષા છે - **રવીન્દ્રનાથ ટાગોર**
- આજનું ઔષધ : પીપળાની છાલને પીસી એમાં દૂધની મલાઈ ઉમેરી પેસ્ટ જેવું બનાવી આંખની આસપાસ ડાર્ક સર્કલ ૨૨ લગાડવાથી ત્રીસ દિવસમાં ડાર્ક સર્કલ ઓછા થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ઈટલીના ક્રેસિન નામના ખેડૂતને ત્યાં એક સીઝનમાં એટલો બધો પાક થયો કે આજુબાજુના પાંચ-સાત ગામના ખેડૂતો આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓને લાગ્યું ચોક્કસ ક્રેસિન કંઈક જાદુ-ટોણા કરતો હોય એવું લાગે છે. ઈર્ષ્યા ને કારણે તેમણે ન્યાયાલયમાં આ બાબતની ફરિયાદ કરી. ન્યાયાધીશે ક્રેસિનને આ બાબતે સ્પષ્ટતા કરવા જણાવ્યું. ક્રેસિને પૂરી પ્રામાણિકતાથી અને નીડરતાથી પોતાનો પક્ષ રજૂ કર્યો. તે પોતાની દીકરી, પત્ની, ખેતીના ઓજાર અને બળદ વગેરે લઈને અદાલતમાં આવ્યો, તેણે કહ્યું, 'હું કોઈ જાદુગર નથી કે મારા ખેતરને આમ પાકથી ભરી દઉં. અને હું ખેતીમાં સખત મહેનત કરવામાં માનું છું, નિષ્ઠાપૂર્વક ખેતી કરું છું. મારી મહેનત. ખેતર ખેડવાની યુક્તિ અને સારું ખાતર જ મારા પાકને સારી રીતે તૈયાર રે છે. મારી આ દીકરી બીજ વાવે છે અને મારા પત્ની સમયસર પાણી આપે છે. હું નિંદામણ દૂર રાખું છું. આખી રાત ખેતરમાં પાકની રક્ષા કરું છું. વળી મારા ઓજારો પણ તૂટેલાં - ફૂટેલાં નથી. મારા બળદો પણ સ્વસ્થ છે. તેમને શારીરિક તબીયત સાચવીએ છીએ. અમે કોઈની ઈર્ષ્યા કરતાં નથી. અમારા સૌનો સ્વભાવ નિર્મળ છે. આ બધા કારણોથી અમારી ખેતીની ઉપજ બીજા ખેડૂતો કરતાં ઘણી વધારે છે. અમારી આ ટીમ વર્કની નિષ્ટા અને મહેનત સફળ રહ્યા છે.' ન્યાયાધીશે ક્રેસિનની વાતો ગંભીરતાથી સાંભળ્યા અને ચૂકાદો આપતા કહ્યું, 'આજ સુધી કોઈ એ આટલા સબળ પુરાવા આપ્યા નથી. હું તને નિર્દોષ જાહેર કરું છું અને તેની પ્રશંસા કરું છું, અને બીજા ફરિયાદી ખેડૂતોને ક્રેસિનમાંથી બોઠપાઠ લેવા જણાવ્યું.'

કોંગ્રેસ સામે આક્રોશની પરાકાષ્ઠા

તંત્રીસ્થાનેથી...

મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશમાં શરદ પવાર અને પ્રફુલ્લ વર્ચસ્વવાળા રાષ્ટ્રીય નેતાઓ તરીકે પ્રસ્થાપિત થયા હતા.આ વખતે બેઉ નેતાઓને પારોઠનાં પગલાં ભર્યાં છે અને લોકસભાની ચૂંટણીમાં પોતાની નેશનાલિસ્ટ પાર્ટી સાથેના કોંગ્રેસના ગઠબંધન માટે પ્રચારનો દોર સંભાળ્યો છે. શરદ પવાર જૂના જોગી છે. કોંગ્રેસમાં એક જ પરિવારના પ્રભુત્વના મુદ્દે એમણે પાર્ટી બનાવી હતી અને સમાન વિચારધારાવાળી નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી બનાવી હતી. જેમાં સોનિયા વિરોધી સંગમા જેવા નતાઓ અને તારીક અનવર જેવા લઘુમતી આગેવાન પણ સામેલ થયા હતા. સોનિયા ગાંધી સામેની લડાઈમાં તેઓ 'એનડીએ' ગઠબંધનનો હિસ્સો પણ બન્યા હતા અને વાજપેયી સરકારમાં મંત્રી પદ પણ સંભાળ્યું હતું. પરંતુ કાળક્રમે મૂળે વિચારધારા તરફ પાછા ફર્યા અને મનમોહનસિંહની સરકારમાં પણ ગુરુશિષ્ય મહત્ત્વના હોદ્દાઓ પર રહ્યા. નાંદેડ ગુરુ ગોવિંદસિંહ સાથે સંકળાયેલું સ્થાન છે. આ ઐતિહાસિક નગરમાં મોદીએ કોંગ્રેસને ડૂબતા જહાજ ટાઈટેનિક સાથે સરખાવ્યા ઉપરાંત ઉંદરડાની જેમ જહાજ છોડીને જીવ બચાવવા ભાગતા આ મરાઠા નેતા અને એમના પટ્ટશિષ્ય મૂળે ગુજરાતી એવા પ્રફુલ્લ પટેલનો પણ ઊધડો લીધો. મોદી એમ માને છે કે કોંગ્રેસ ટાઈટેનિકની જેમ જળસમાધિ લેશે, પરંતુ પરિસ્થિતિ કંઈક જુદીજ છે. વાસ્તવિકતા એ છે કે થોડાક જ વખત પૂર્વ હિંદી ભાષી ત્રણ રાજયોમાં કોંગ્રેસ રંગેચંગે પાછી ફરી છે અને જેમ જેમ સમય વીતતો જાય છે તેમ પ્રજાનું મોદી શાસનમાં ભ્રમનિરસન થઈ રહ્યું છે. આથી બેકારી, મોંઘવારી કે માનવીય મૂલ્યોની સલામતી જેવા અગત્યના મુદ્દાઓથી ચીલો ચાતરી વડાપ્રધાન હવે હિંદુત્વ જેવા મુદ્દા ભણી પાછા વળ્યા છે. તેઓ પાકિસ્તાન સાથેની દુશ્મનાવટ અને કાશ્મીર સાથેના વિવાદ જેવા મુદ્દાઓ ઉછાળી કોંગ્રેસને પછાડવા માગે છે. રાહુલ ગાંધીએ અમેઠી ઉપરાંત નાયનાડની બેઠક પરથી ચૂંટણી લડવાનું પસંદ કર્યું એમાં એમને રાહુલ હિંદુ બહુમતીનો વિશ્વાસ ગુમાવી બેઠા હોવાની પ્રતીતિ થાય છે ! રાહુલ ગાંધી જાણે ચૂંટણી પહેલાં જ અમેઠીમાં સ્મૃતિ ઈરાની સામે પરાજિત થઈ ગયા હોય એવું લોકમાનસમાં ઠસાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વાસ્તવિકતા એથી જુદી જ છે. અમેઠી કે રાયબરેલીની બેઠકો ગાંધી પરિવાર માટે સલામત બેઠકો છે અને એમની સંવેદના સાથે સંકલાયેલી છે. છેક નહેરુ-ઈંદિરાના સમયથી ત્યાંના મતદારો આ પરિવારને પોતીકો ગણાતા રહ્યા છે. વાયનાડ બેઠક કેરળ, તમિલનાડુ અને કર્ણાટક - ત્રણે રાજયોના ત્રિભેટે આવેલી હોઈ રાહુલ ગાંદીએ વ્યૂહાત્મક અભિગમ અપનાવી આ બેઠક પર પસંદગી ઉતારી છે જેથી કોંગ્રેસને દક્ષિણ ભારતમાં મજબૂતાઈ મળી શકે. ઉત્તર ભારત ઉપરાંત કોંગ્રેસને દક્ષિણ ભારત સાથે પણ આત્મીયતાના સંબંધો છે. વાયનાડ બેઠક પર હિંદુ મતદાતા લઘુમતીમાં હોય એથી એ મુદ્દો ભાજપની હિંદુત્વવાળી માનસિકતાને સ્પર્શે જ. મોદી વિકાસની વાતો કરતા અટકી મૂળ હિંદુત્વ વિચારસરણી તરફ સરકી રહ્યા હોય તો તેમની ભયગ્રંથિનું જ પરિણામ છે. આથી ઊલટાની કોંગ્રેસને બહુમતી હિંદુ સમાજની સહાનુભૂતિ મળવાની સંભાવના સરજાશે એમાં શંકાને સ્થાન નથી. કોઈ પણ વ્યક્તિ કે સંગઠન વિરુદ્ધ વધુ પડતો વિરોધ થાય ત્યારે એની રિવર્સ ઈફેક્ટ સરજાતી હોય છે. મોદી પોતે આવી રિવર્સ ઈફેક્ટ અને સહાનુભૂતિનો લાભ ગોધરાકાંડ સંદર્ભે મેળવી ચૂકેલા છે.

જન પ્રતિનિધિત્વ કાનુન ૧૯૫૧ ની કલમ ૧૨૩(૨) મુજબ જન પ્રતિનિધિએ સંપત્તી દર્શાવવી ફરજીયાત

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતમાં જનપ્રતિનિધિઓની સંપત્તી જાહેર કરવીએ સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ ફરજીયાત છે. જનપ્રતિનિધિત્વ કાનુન ૧૯૫૧ ની કલમ ૧૨૩(૨) મુજબ ઉમેદવારી ફોર્મમાં તથા જીત્યા બાદ સંસદમાં પોતાની સંપત્તીને લગતુ સોગંદનામું આપવું ફરજીયાત છે પરંતુ કેટલાય સાંસદો આ નિયમનું પાલન કરતા નથી.

સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને આ બાબતે સવાલ કરેલ છે કે જનપ્રતિનિધિઓની આવકના સ્ત્રોતમાં સતત વધારો થતો જાય છે જેના ઉપર નજર રાખવામાં તંત્ર સફળ કે નથી? સુપ્રિમ કોર્ટે તેના ગયા વર્ષના હુકમના અમલ માટે વિધાયકી સચિવને બે અઠવાડીયાનો સમય આપ્યો છે જેમાં સુપ્રિમ કોર્ટમાં સચિવે જવાબ કરવો પડશે. મુખ્ય ન્યાયાધિશ રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી ખંડપીઠે ટીપ્પણી કરતા બીન સરકારી સંગઠન લોકપ્રહરી દ્વારા સરકાર વિરૂધ્ધ દાખલ કરેલ અવમાનના યાચીકા ઉપર સુનવણી દરમ્યાન ટીપ્પણી કરેલ. સંસ્થાએ ૨૦૧૬ના હુકમનું પાલન નહિ કરવા માટે સરકાર ઉપર આરોપ લગાવ્યો છે. સંસ્થાના મહાસચિવ અને પૂર્વ આઈ.એ.એસ. એસ.એન. શુકલાએ કહ્યું કે કોર્ટે મુખ્ય પાંચ હુકમ કરેલ તેમાંથી ત્રણ ઉપર આજદિન સુધી સરકારે અમલ કરેલ નથી. કોર્ટે સરકારને જણાવેલ કે વિધાયકની બેસુમાર સંપત્તીમાં વધારો થતો હોય તેના ઉપર નજર રાખવા સ્થાયી સમીતિ બનાવવામાં આવે પરંતુ સરકારે આ દિશામાં કોઈ જ કામ કરેલ નથી માત્ર પ્રોફીટ એન્ડ લોસ કમીટીના ચેરમેનની ઘોષણા કરેલ છે. અગર ઉમેદવાર પોતાની સંપત્તીનો સ્ત્રોત ના જણાવે તો તેમની ઉમેદવારી રદ કરવી અને જનપ્રતિનિધિત્વ કાનુન ૧૯૫૧ ની કલમ ૧૨૩(૨) મુજબ ગેરલાયક ઠરાવવા જોઈએ તેમજ ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરનાર અને ભ્રષ્ટ આચરણ માની પગલા લેવા જોઈએ. આ સીવાય કોર્ટે જણાવેલ કે ઉમેદવાર દ્વારા ભરવામા આવતા ફોમ ૨૬ માં સંશોધન થવું જોઈએ સુધારા કરવા જોઈએ અને ઉમેદવારે જાહેર કરવું જોઈએ કે જનપ્રતિનિધિત્વ કાયદાથી અયોગ્ય નથી. કોર્ટે યાચીકા કરતાની દલીલો સાંભળી જણાવ્યું છે કે હાલમાં અરજ ઉપર સરકારને નોટીસ પાઠવે છે પરંતુ કેન્દ્રના વિધાયકી સચિવ પાસેથી જવાબ પણ માંગવો જોઈએ કે કોર્ટના આદેશનું પાલન કેમ નથી થયુ?

સુપ્રિમ કોર્ટે ગયા વર્ષે ચૂંટણીમાં સુધારાની દિશામાં મોટા પગલા ભરતા આદેશ કરેલ કે ચૂંટણી લડતા ઉમેદવારો ઉમેદવારી પત્ર ભરતા સોગંદનામામાં પોતાની જ નહિ પોતાની પત્ની તથા કુટુંબના સભ્યોની આવક જણાવવી જોઈએ તથા આવકનું સાધન પણ જણાવવું જોઈએ. મોટાભાગના વિધાયકની આવકમાં ૧૦૦ થી ૨૦૦ ટકાનો વધારો કોઈપણ આવકના પુરતા સાધનો સીવાય થયેલ છે જેમાં ભ્રષ્ટાચારની ગંધ આવેછે. સાંસદોના આવકની તપાસ કરવા સંસદીય સચિવની નિમણુંક કરી એક અલગ તંત્રની રચના કરવી જોઈએ જેની રચના કરવામાં સરકાર અસફળ રહી છે.

આવકથી વધારે સંપત્તી તથા તેમાં વૃધ્ધી થવાના કેસમાં વિધાયક સાંસદ ઉપર કેસ કરવા જોઈએ તથા યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેથી સાંસદ, વિધાયક સદસ્ય બનવા લાયક છે કે નહિ તે સાબીત થાય. એકત્રીત થયેલ માહિતી તથા તપાસની હક્કિત જનતા સમક્ષ પણ મુકવી જોઈએ તેથી જનતા તેમને આગળની ચૂંટણીમાં જનપ્રતિનિધિ તરીકે અયોગ્ય ઠરાવી પોતાનો ફેંસલો કરી શકે. ઉમેદવારે મેળવેલ કોન્ટ્રાકટની વિગતો પણ જનતા સમક્ષ મુકવી જોઈએ તથા સરકારમાં ચાલતા સરકારી કોન્ટ્રાકટમાં ભાગીદાર તરીકે પોતે તથા પત્ની કે કુટુંબના સભ્યોને ગેરકાયદેસર રાખી નફો તો નથી કરતાને.

આજ રીતે ઉમેદવારના અપરાધીકરણનું લીસ્ટ પણ જનતા સમક્ષ તથા વેબ પેજ ઉપર મુકવું જોઈએ, કેટલા અપરાધીક કેસો સાંસદ કે વિધાય ઉપર ચાલે છે? કેટલા કેસોમાં કેટલી સજા થઈ? તથા હાલ જામીન મુકત છે કે નહિ? આ તમામ હક્કિતનો સરકારે રેકોર્ડ રાખી તેની જાણકારી જનતાને આપવી ફરજીયાત છે કારણ કે આખરે તો વિધાયક અને સાંસદ એ જનતાના પ્રતિનિધિ છે તેમનું ચારિત્ર શુધ્ધ હોવું જોઈએ. પાછલી ચૂંટણીમાં પાંચ રાજયોમાં આનો અમલ સરકારે કરેલ નથી. ઉમેદવાર જનતા સમક્ષ ટીવી કે અખબારમાં પ્રચાર કરી અપરાધિક પુષ્ટભુમિની વિગતો જનતાને જણાવશે. આ અંગે સરકારે કેટલા અને કયા અખબાર કે ટીવી ચેનલમાં કયા સમયે વિગતોની પ્રચાર પ્રસાર કરવી તે નક્કિ જણાયેલ નથી ઉમેદવાર નાના મોટા વધુ ફેલાવો ના ધરાવા અખબારમાં વિગતો છપાવી જનતાને ઉલ્લુ બનાવી શકે છે તથા પ્રાદેશીક ઓછી જોવાતી ચેનલમાં પોતાનો અપરાધીક વિગત જણાવી જનતાને દર્શાવવામાંથી બચી શકે છે તથા ખોડી રીતે પ્રસારણ કરતા મોટાભાગના મતદાતા સુતા હોય તે તકનો લાભ લઈ કાયદાકિય છટકબારી શોધી લે છે તેથી રાજય કે રાજય બહાર બહોળો ફેલાવો ધરાવતા અખબાર તથા વધુ જોવાતી ટીવી ચેનલની વિગતો સરકારે કોર્ટમાં સૂચી મુકવી જોઈએ જેમાંથી ત્રણ અખબાર અને ટીવી ચેનલ કમીટી નક્કિ કરે તેમાં ઉમેદવારે તેની વિગતો કોર્ટ જણાવે તે સમયે તે સ્લોટમાં દર્શવવાની રહેશે તથા આની વિગતો ૨૪ કલાકમાં વેબ સીરીજના પેજ ઉપર મુકવી ફરજીયાત રહેશે. ઘણી બધી વેબ પેજ ડિસકનેકટ અથવા બંધ હાલતમાં જોવામાં આવે છે જેની પાછળ ટેકનિકલ કારણ આપી ઉમેદવાર છટકી જાય છે. કાયદાકીય ચુંગલમાંથી છટકી જાય છે. આદેશ ના માનવાવાળા રાષ્ટ્રીય દળો પાર્ટી ઉપર કડક કાર્યવાહી કરવા માટે સુપ્રિમે સરકારને ચૂંટણી પંચને જણાવેલ છે. આ માટે આદેશ જારી કરવા જણાવ્યું છે.

રાજનીતિમાં વધતા અપરાધીકરણથી મોટા ભાગના ઉમેદવાર કાયદો તોડનારને કાયદો બનાવવારના પક્ષમાં બેસાડવામાં આવે છે જેનો ભોગ જનતા બને છે અને ભારતીય કાયદા વિધાન દિવસે દિવસે નબળુ પડતુ જાય છે. અપરાધીક ઉમેદવાર પોતાને પસંદ આવે તેવા નિતિ નિયમો ઘડી તેનો અમલ કરાવી કાયદાની છટકબારીમાંથી છટકી જાય છે. હવે સંસોથી રાજનિતિમાં અપરાધીઓના પ્રવેશને રોકવા માટે કડક કાયદો અમલમાં મુકવા સુપ્રિમ કોર્ટ મક્કમ છે.

હે માણસ! તું ભીતર જ પરમ જોતાં શીખી જા...

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

વડીલ ભૂતકાળમાં જીવે છે...
એટલે... નિરાશ રહે છે...
યુવાન ભવિષ્યમાં જીવે છે...
એટલે... પરેશાન રહે છે...
બાળક વર્તમાનમાં જીવે છે...
એટલે... હમેશાં પ્રસન્ન રહે છે...

આજથી વીસ-પચ્ચીસ વરસ પછી આ દેશના રંગમંચ પર જે લોકો આવશે, જે લોકો સંસદને માટે સંઘર્ષ કરશે, કળ-કારખાનાં ચલાવશે, રેલ-તાર-ટપાલ અને વિમાનોનું સંચાલન કરશે, દેશના રક્ષણની જવાબદારી લેશે, એ કેવા હશે ? શું એ આજના કરતાં જુદા હશે ? સ્વાભિમાની, આત્મવિશ્વાસી, ઈમાનદારી અને પોતાના પરિશ્રમના બળ વડે દુનિયાને જીતવાની મહત્ત્વાકાંક્ષા રાખવાવાળા હશે ? ... જવાબ મળે છે - હા, હશે !

રસ્તાઓ પર અને ગલીઓમાં નાના નાના છોકરાઓ પોતાની શક્તિની ઉપરવટ બોજો ઉઠાવી, ખભે લટકાવીને ઘૂમતા ફરે છે અને સાદ પાડે છે : 'બૂટ પૉલિસ ! બૂટ પૉલિસ !' આ એ છોકરાઓ છે કે જેમને કોઈ વરંડા કે ખૂણામાં પણ બેસવાની જગા નથી મળતી, ગરમી, ટાઢ કે વરસાદની પરવા ન કરતાં એ બાળકો પોતાના ગ્રાહક શોધે છે ને ઘેર ઘેર જઈ પાલીસ કહે છે. ફાટી-તૂટી કામળીનો કટકો લપેટીને એ સાદ પાડતા ફરે છે : 'બાબુજી, બૂટપાલીસ વાલા !' હજી તો પરોઢનાં કિરણો પણ ફૂટ્યાં નથી હોતાં, બાબુજી રજાઈમાં પડ્યા હોય છે, બેફિકર સૂતેલા હોય છે કે પછી પથારીમાં જ 'બેડ-ટી'ની પ્રતીક્ષા કરી રહ્યા હોય છે. આ અવાજ સાંભળીને અનેકને ખીજ ચડે છે.... હત્તારીની, છોકરાએ અત્યારમાં ઊંઘ ખરાબ કરી નાખી ! કોણ જાણે કયાંથી આવીને મરે છે !... જરાક ચેતન આવતાં એ વિચારે છે : ઠીક થયું, મહેનત બચી, નહીંતર સવારના પહોરમાં ઊઠતાંવેંત જોડાને પાલીસ કરવું પડત... એક સમજદાર સજ્જને છોકરાને બોલાવી લીધો.

છોકરો ખટાખટ દાદરા ચઢતો દરવાજા પર આવીને ઊભો. પલંગ નીચેથી બૂટ કાઢવાનો ઈશારો કરતાં એ બાળકને પૂછ્યું : 'તુમ પાલીસ કર સકોગે ?' પાંચ-છ વરસનો છોકરો નિઃશંક બોલ્યો : 'હાં સાહબ ! ઐસા ચમકા દૂંગા - યદિ પસંદ ન આયે તો આપ પૈસે ન દેના.' હવે તો કોઈ બહાનું પણ કઢાય તેમ નહોતું ! સજ્જને કાળજું કઠણ કરીને જોડા પાલીસ કરવા માટે આપી દીધા. છોકરો બેસી ગયો અને પોતાનું કામ ધ્યાન દઈને કરવા માંડ્યો. જોડા ચમકવા લાગ્યા... છોકરો રોજ આવવા લાગ્યો, પાલીસ કરવા લાગ્યો. સજ્જને હવે બારણું ઉઘાડું જ રાખતા. છોકરો સવારોસવાર આવતો, જોડાને પાલીસ કરતો, પલંગના ખૂણામાં રાખેલા મજૂરીના પૈસા લઈને, જેમ ચુપચાપ દબાતે પગલે આવતો તે જ રીતે, દબાતે પગલે ચુપચાપ ચાલ્યો જતો. છોકરો કર્તવ્યપરાયણ છે, મહેનતું છે, સમયપાલન કરનારો છે, એ જોઈને સજ્જન બહુ પ્રસન્ન થયા. પરંતુ હજી એક કસોટી બાકી હતી : છોકરો ઈમાનદાર પણ છે કે નહિ, તે જોવાનું હતું.

આ કસોટીને માટે એક વાર સજ્જને પાલીસની ઠરાવેલી મજૂરીનાં કરતાં વધારે પૈસા રોજની જગાએ મૂકી રાખ્યા. રોજની જેમ તે દિવસે પણ છોકરો આવ્યો. જોડાને પાલીસ કર્યા, અને પોતાની મજૂરી જેટલા પૈસા લઈને ચુપચાપ ચાલ્યો ગયો. સજ્જન ઊઠ્યા ત્યારે એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા કે એ બાળકે પોતાની બાંધેલી મજૂરીના કરતાં વધ એક પૈસો પણ નહોતો લીધો. એ રાજી રાજી થઈ ગયા. દેશમાં ઈમાનદાર, મહેનતું અને સમયપાલન કરનારાં બાળકો પૈસા થઈ રહ્યાં છે, તેની એમને પાકી ખાતરી થઈ ગઈ.

હકીકતમાં તો, એ વાત આશ્ચર્યની હતી કે જયારે 'વનસ્પતિ' પણ નકલી 'વનસ્પતિ' મળે છે, કાળાં મારીની જગ્યાએ પપૈયાનાં બીયાં મળે છે, ચાની ભૂકીની જગાએ લાકડાનો રંગીન છોલ અને ભૂકો મળે છે, ખાંડની જગાએ રાસાયણિક ખાતર અને હળદરની જગાએ પીળી માટી મળે છે. ત્યારે એક છોકરો - જેની પાસે ટાઢથી બચવા માટે ગરમ કપડું નથી, વરસાદનાં ઝાપટાં સામે રક્ષણ કરવા માટે છત્રી નથી, એવો છોકરો - પોતાની મજૂરી કરતાં એક પણ વધારાનો પૈસો લેવો તે પાપ માને છે.

સજ્જને દિવાળીને દિવસે એને બોણી આપવાનું વિચાર્યું. એ અંદર ગયા, પાકીટ લાવ્યા અને રૂપિયાની નવી નોટ કાઢીને એમને છોકરાની તરફ લંબાવી. બાળકની આંખો ચમકી ઊઠી; તે બોલ્યો, 'બાબુજી, આજ યહ ક્યાં ?'

'યહ તુમ્હારા ઈનામ હૈ.'

છોકરો તરત બોલી ઊઠ્યો : 'બાપુજી, યહ મૈં નહીં લે સકતા.' પછી પોતાનાં નાજુક બાવડાં લંબાવતાં બોલ્યો : 'બાબુજી, મુઝે અપની મહેનત પર ભરોસા હૈ. જો ઈનસે પ્રાપ્ત નહીં હો સકતા, વહ કભી નહિ લે સકતા.' એટલું કહીને બાળક ચાલ્યો ગયો...

એક દિવસ એ પોતાના નાના ભાઈને પણ સાથે લાવ્યો. પૂછ્યું : 'કયા ઈસકો અભી સે અપના કામ સિખા કર તૈયાર કર રહે હો ?'

છોકરાએ જવાબ દીધો : 'નહિ, બાબુજી, ઈસકો તો પઢાઉંગા ! યહ સ્કૂલ જાયા કરેગા.'

... છ વરસ વીતી ગયાં. છોકરો અગિયાર વરસનો થઈ ગયો. હવે એ સાઈકલની મરામત કરતાં શીખે છે. જોડાને પાલીસ કરવાનું કામ પૂરું કરીને બરાબર પોણા નવ વાગ્યે એ સાઈકલવાળાની દુકાને પહોંચી જાય છે. મન પરોવીને કામ કરે છે, અને નવું જ્ઞાન મેળવવા માટે પૂરી મહેનત કરે છે. એ છોકરાના કામકાજથી દુકાનમાં બધા લોકોને રાજીપો છે.

આ છે - સ્વાધીન ભારતનો મહેનતુ, કર્તવ્યપરાયણ અને ઈમાનદાર બાળક. એને જોઈને કોની છાતી નહિ ફૂલે ?

- અવનીન્દ્રકુમાર વિદ્યાલંકર

Last Seen :

હે માણસ! તું થોડો માણસ થાતાં શીખી જા આ સારું ને આ ખોટું એ નક્કી કરવું છોડ,હે માણસ! તું ભીતર જ પરમ જોતાં શીખી જા...

- ખ્યાતિ શાહ
- nehalgadhavi101@gmail.com

અમેઠી સાથે કેરળના વાયનાડથી રાહુલ ચૂંટણી લડતાં ગરમાટો

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ગુજરાતના મુખ્યમંત્રી અને વડાપ્રધાનપદના ઉમેદવાર મે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી ગુજરાતની વડોદરા ઉપરાંત ઉત્તરપ્રદેશની વારાણસી એ બંને બેઠકો પર લડે તો વાંધો નહીં,પણ કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી ઉત્તરપ્રદેશની અમેઠી ઉપરાંત કેરળની વાયનાડ બેઠક પરથી પણ લડે તો જાણે કે ધરતી રસાતાળ થઈ જવાની હોય, એમ ભાજપના નેતૃત્વવાળા મોરચાના નેતાઓ તૂટી પડે છે. કેન્દ્રના કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદ નિવેદન કરે છે કે રાહુલ અમેઠીમાં અસલામતી અનુભવતાં અને જીતવાની બાબતમાં અનિશ્ચિત હોવાથી કેરળની લઘુમતીબહુલ બેઠક લડવા જાય છે. કેન્દ્રનાં કાપડ મંત્રી સ્મૃતિ ઈરાની વદ્યાં : ''આ તો અમેઠીની પ્રજાનું અપમાન છે.'' જેડી(યુ) નેતાએ તો રાહુલને હારના ડરથી રણ (અમેઠી) છોડીને ભાગેલા રણછોડરાય કહ્યા. બાકી હતું તે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કોંગ્રેસને મુસ્લિમ લીગના વાયરસથી ગ્રસ્ત ગણાવીને વાતને છેક ૧૮૫૭ના વિપ્લવ કે આઝાદીના પ્રથમ સંગ્રામના ઈતિહાસ સાથે જોડવાની કોશિશ કરી.વાયનાડ બેઠકમાં મુસ્લિમોની બહુમતી હોવાની વાત પણ ભાજપના મીડિયા થકી ગજવવામાં આવી એટલું જ નહીં, વાયનાડમાં ઉમેદવારી નોંધાવતાં રાહુલ-પ્રિયંકાના રોડ-શોમાં પાકિસ્તાનના ઝંડા ફરકાવાયાની સાવ ખોટી વાતો પણ વહેતી કરાઈ. મુસ્લિમ લીગના ઝંડાને પાકિસ્તાની ગણાવાયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨ અને ૧૮ એપ્રિલે ચૂંટણી પ્રચાર સભાઓ સંબોધવા કોઝેકોડે અને તિરુઅનંતપુરમ જવાના છે ત્યારે એમને વાયનાડ ખાતે પણ ચૂંટણી સભા સંબોધવાની પક્ષ તરફથી વિનંતી કરવામાં આવી રહી છે.અહીં કોંગ્રેસને ૪૧ થી ૫૦ % મત સામે સીપીઆઈને ૩૯ % અને ભાજપને માંડ ૯ % મત મળે છે.

અપપ્રચારથી વિપરીત હકીકતો

હકીકતમાં રાહુલે ચૂંટણી ક્યાંથી લડવી એ તેમનો અને એમના પક્ષનો પ્રશ્ન છે. અમેઠી બેઠક પર રાહુલ મોદી-વાવાઝોડામાં પણ જીત્યા હતા. તેમણે ઈરાનીને હરાવ્યાં હતાં. ફરી ઈરાની આ વખતે પણ રાહુલ સામે ટકરાય છે. મુખ્યમંત્રી બન્યા પછી આદિત્યનાથ પોતાની લોકસભા બેઠક પણ બચાવી શક્યા નહોતા. છેક ૧૮૫૭ના ઈતિહાસને ફંફોસે છે અને મુસ્લિમ લીગના વાયરસની વાત કરે છે ત્યારે એટલું જરૂર કહેવું પડે કે ૧૮૫૭માં રાણી લક્ષ્મીબાઈ અને નાનાસાહેબ પેશવા સહિતના હિંદુ શાસકો મુઘલ બાદશાહ બહાદૂરશાહ ઝફરના નેતૃત્વમાં અંગ્રેજો સામે લડ્યાં હતાં. ૧૯૪૭માં આઝાદી પહેલાં કોંગ્રેસના આગેવાનો ગાંધી-નેહરુ-સરદાર જયારે ૧૯૪૨ના હિંદ છોડો આંદોલનને કારણે જેલમાં હતા ત્યારે વિ.દા.સાવરકર અને ડૉ.શ્યામાપ્રસાદ મુકરજીની હિંદુ મહાસભાના નેતાઓ બંગાળ, સિંધ અને વાયવ્ય પ્રાંતમાં પાકિસ્તાનવાદી મોહમ્મદ અલી ઝીણાના મુસ્લિમ લીગી નેતાઓની સાથે સરકારો ચલાવતા હતા અથવા તો વાઈસરોયની કારોબારીમાં હતા! આઝાદી પછી તો કેરળમાં તો દાયકાઓથી દેશી મુસ્લિમ લીગ (પાકિસ્તાનવાદી નહીં) અને કોંગ્રેસનું દાયકાઓથી જોડાણ છે. કેરળમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, ૫૪.૭૩% હિંદુ, ૨૬.૫૬ % મુસ્લિમ અને ૧૮.૩૮ % ખ્રિસ્તીઓ વસે છે. વાયનાડ લોકસભા બેઠકમાં ૪૯.૫ % હિંદુ,૨૮.૫% મુસ્લિમો અને ૨૧ % ખ્રિસ્તીઓ છે. ધાર્મિક ધોરણે બેઠકોનું વિશ્લેષણ કરવામાં આવે તો હિંદુ બહુમતી ધરાવતાં અને ૯૦ % કરતાં વધુ હિંદુ વસ્તીવાળાં મધ્યપ